ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજથી જિલ્લામાં યુવીન સોફ્ટવેરનો પાયલોટ પ્રોજેક્ટ અમલી કરાશે

ગાંધીનગર, તા. ૧૪

કેન્દ્ર સરકાર દ્વારા નિર્માણ પામેલ યુવીન સોફ્ટવેરનો પાયલોટ પ્રોજેક્ટ આજે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી લોંચ કરવામાં આવશે. કોવીડ વેક્સીનેશન માટે બનાવાયેલ કોવીન સોફ્ટવેરની જેમ બાળકો અને સગર્ભા માતાઓના વેક્સિનેશન માટે આ યુવીન સોફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યુ છે. જિલ્લાના તબીબોને આ સોફ્ટવેર અંગે ગઈકાલે જિલ્લા પંચાયત ખાતે ખાસ તાલિમ આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે હાલ આ સોફ્ટવેરના ઉપયોગ અંગે ગાંધીનગર જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર અને રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવાનો નિર્ણય કરેલ છે. જે અનુસંધાને આજે પુંધરા પ્રા.આ. કેન્દ્ર ખાતે આ સોફ્ટવેરનો આરંભ કરાશે. આ સોફ્ટવેરના લોચિંગમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન, રાજ્યના વેક્સિનેશન ઓફિસર ડૉ. કમલેશભાઈ તેમજ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વૈષ્ણવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. આ સોફ્ટવેરમાં બાળક અને સગર્ભા માતાના રસીકરણની નોંધ થશે અને તે અંગેના પ્રમાણપત્ર પણ મળી શકશે. ગાંધીનગર જિલ્લામાં ૩૫ પ્રા.આ. કેન્દ્રો, નવ સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૧૭૨ જેટલા સબસેન્ટરો આવેલા છે ત્યાં આ સોફ્ટવેરની સેવાઓ શરૂ થશે.

બાળકોને ક્યારે ક્યારે કઈ વેક્સિન આપવામાં આવી છે તેમજ સગર્ભા માતાને પણ આપવામાં આવેલ વેક્સિન અંગેની વિગતો ઉપલબ્ધ બનશે. આને કારણે વેક્સિનેશન પણ વધશે તેમજ આરોગ્ય સેવાઓનું સઘનીકરણ ઝડપથી થશે. આ સોફ્ટવેર પરથી પ્રમાણપત્ર ઉપલબ્ધ થતાં મુસાફરી કે અન્ય બાબતોમાં પણ તે ઉપયોગી રહેશે.

## ક્યા સે.. ક્યા હો ગયા....!!



આશરે ચાર દાયકા પહેલાં ગાંધીનગર હજુ પુરૂ વિકાસ પામ્યુ ન હતુ. શહેર ત્રીસ સેક્ટરો પૈકી સેક્ટર-૧૬, ૧૭, ૨૧, ૨૪ જેવા મોટા સેક્ટરોની વચ્ચે સમાઈ ગયુ હતુ. ચારેબાજુ વૃક્ષોથી આચ્છાદિત હરિયાળા નગરમાં ચ-પનો ફુવારો હરવા-ફરવાનુ સ્થળ ગણાતુ. ચ-પનું સર્કલ અને તેની વચ્ચોવચ આવેલો ફુવારો ગાંધીનગરાઓ માટે પસંદગીનું સ્થળ બની રહેતુ. ઉનાળામાં ફુવારાની આસપાસ નગરજનોનો જમાવડો રહેતો. ઉનાળાની રાત્રે અહીંના ફુવારાની ઠંડક માણનાર બાળકોની એક આખી પેઢી હવે યુવાન અવસ્થાને પણ વટાવી ચૂકી છે. પરંતુ હજુ એ જુના દિવસો અને ચ-પના ફુવારાની શાનને ભુલી નથી. શહેરમાં હવે નીતનવા આકર્ષણો વધી ગયા છે. નવા નવા મોલ અને હરવા ફરવાના સ્થળોએ નવી પેઢીમાં આકર્ષણ જમાવ્યુ છે. તે સાથે જ શહેરની ઓળખસમા ચ-પના ફુવારાની ચમક પણ ઓછી થઈ ગઈ છે. ફુવારો તેની શાન અને ઓળખ ગુમાવી ચૂક્યો હોય તેવુ લાગી રહ્યુ છે. રખડતા ઢોર અહીં ક્યારેક ક્યારેક આવી ચઢે છે. માણસોએ તો તેનાથી દૂરી બનાવી લીધી છે.

# દહેગામમાં કપડા ધોતી મહિલા પર નીલગાયે હુમલો કરી ૮ વખત પછાડ્યા

### મહિલા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૪

દહેગામ તાલુકામાં મંગળવારે નીલગાયના હુમલામાં એક મહિલાને ગંભીર ઈજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામના મધુવન બંગ્લોઝની સામે રહેતા બદીબેન સવજીભાઈ નજીકમાં આવતા નર્મદાના પાણીમાં કપડા ધોવા ગયા હતા. આ સમયે એકાએક ત્યાં નીલગાય આવી પહોંચી હતી અને બદીબહેન પર હુમલો કર્યો હતો.

નીલગાયે ૮ થી ૧૦ વાર બદીબેન પર હુમલો કરી પછાડ્યા હતા. ઘટનાને પગલે આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને નીલગાયને બદીબહેનથી દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે નીલગાય સતત બદીબહેન પર હુમલો કરી રહી હતી. જેમ તેમ કરીને બદીબહેનને નીલગાયથી બચાવ્યા હતા.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ બદીબહેનને ૧૦૮ બોલાવી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાનું જાણવા મળેલ છે. હાલમાં આ ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે.

અત્યાર સુધી રાજયમાં રખડતા પશુઓનો ભોગ બનતા નાગરિકો હવે નીલગાયના હુમલાનો પણ ભોગ બનતા જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ રખડતાં ઢોરના હુમલામાં એક મોત નીપજ્યું હતું. વારંવાર સર્જાતી આ પ્રકારની ઘટનાઓથી સત્તાવાહકો અને નગરજનો ભારે ચિંતીત બન્યા છે અને રખડતાં ઢોરના પ્રશ્ને કેવી રીતે આગળ ધપવું તે સૌના માટે ચિંતાનો વિષય છે.

# ફુડકોર્ટમાં તંત્રની ટીમ ત્રાટકી : બે કીસ્સામાં સ્થળ પર ભાડા વસુલી

### લાંબા સમયથી ફુડકોર્ટનુ ભાડુ ચુકવવામાં નિરસતા દાખવતા ૨૦ વેપારીઓ પાસેથી બાહેંધરી પત્ર લેવાયો : બે સપ્તાહમાં ભાડુ નહીં ચુકવવામાં આવે તો દુકાન સીલ કરી દેવાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ઘ- ૫ સ્થિત ફુડકોર્ટના વેપારીઓ લાંબા સમયથી ભાડુ ન ચુકવતા આખરે તંત્રની ટીમ સ્થળ પર રૂબરૂ પહોંચી હતી. આ દરમિયાન ભાડુ નહીં ચુકવનાર ૩૨ સ્ટોલધારકો પૈકી ૧૨ દુકાનો બંધ હતી જયારે ૨ કિસ્સામાં સ્થળ પર ભાડાની વસુલી કરવામાં આવી હતી. જયારે અન્ય ૨૦ વેપારીઓએ આગામી બે સપ્તાહમાં ભાડુ ચુકવી દેવા બાહેંધરી પત્ર આપ્યા હતા. નિયત સમયમાં પણ ભાડુ નહીં ચુકવાય તો તંત્ર કક્ષાએથી હવે ફુડકોર્ટના સ્ટોલ સીલ કરવા સુધીના કડક પગલા પણ લેવાશે.

શહેરના ઘ - ૫ વિસ્તારમાં સ્થિત ખાણી પીણી બજારમાં સ્ટોલ ધારકો દ્વારા લાંબા સમયથી ભાડુ ન ચુકવાતા તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. અગાઉ કોરોના કાળમાં પણ વેપારીઓએ સરકારને રજુઆત કરી હતી જેના લીધે છ મહીનાનુ ભાડુ માફ કરવામાં આવ્યુ હતુ પરંતુ બાકી ભાડા સંદર્ભે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ફુડકોર્ટના સ્ટોલના વેપારીઓને અનેકવાર નોટીસ આપવામાં આવી હોવાછતા વેપારીઓ ભાડુ ચુકવવામાં નિરસતા સેવી રહ્યા છે. ગાંધીનગરની જુની અને જાણીતી ખાણી પીણી બજારમાં ફુડકોર્ટના નિર્માણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે આ વિસ્તારમાં ગટરની લાઈન નાંખવા માટે પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ફુડકોર્ટના વેપારીઓ તગડી આવક કરીને પણ સરકારને ભાડુ ન ચુકવતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો હતો આ સ્થિતિ વચ્ચે નોટીસની પણ અવગણના થતા તંત્રએ આખરે સ્થળ મુલાકાત લઈ ફુડકોર્ટના વેપારીઓ પાસેથી ભાડુ વસુલવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી હતી. ઘ- ૫ સ્થિત ફુડકોર્ટમાં ૯૬ જેટલી દુકાનો છે. જયારે આ પૈકી ૬૯ જેટલા સ્ટોલ કાર્યરત છે. જયારે ફુડકોર્ટના ૩૨ જેટલા સ્ટોલ ધારકોનુ છેલ્લા ત્રણ મહીનાથી વધુ સમયનુ ભાડુ બાકી છે. ફુડકોર્ટના બાકીદારો પાસેથી ભાડુ વસુલવા માટે ગઈકાલે સાંજે પાટનગર યોજના ભવનની ટીમ સ્થળ પર પહોંચી હતી જેમાં નાયબ કાર્યપાલક ઈજનેર અને એસ ઓ સહીત કુલ ૨૦ સભ્યોની ટીમ ફુડકોર્ટની રૂબરૂ મુલાકાત લઈ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં છેલ્લા એક વર્ષમાં ટી.બી.ના ૬૩૧ નવા દર્દીઓ

### મહાનગરપાલિકા દ્વારા ૫૦૦ દર્દીઓ શોધાયા છે જ્યારે ૧૧૦થી વધુ દર્દીઓ ખાનગી તબીબોની તપાસમાં મળ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ૬૩૧ ટી.બી.ના નવા દર્દીઓ શોધી કાઢવામાં આવ્યા છે. શહેરના ગ્રામ્ય વિસ્તારમાંથી નવા દર્દી મળી આવ્યા છે.

આજે મહાનગરપાલિકા વિસ્તારની ટી.બી. ફોરમની મળેલ બેઠકમાં આ વિગતો આપવામાં આવી હતી. ૫૦૦થી વધુ દર્દી સરકારી તંત્રમાં શોધાયા છે તો ૧૧૦ થી વધુ દર્દી ખાનગી તબીબોની તપાસમાં મળી આવ્યા છે.

આ દર્દીઓ અન્ય બિમારીથી પિડીત છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી છે.

આ બેઠકમાં મ્યુનિ. કમિશનર સંદીપ સાંગલેએ નિક્ષય મિત્ર વધુમાં વધુ બનાવવા તથા જરૂરિયાતમંદ તમામ દર્દીઓને પોષણ કીટ મળી રહે તે જોવા પર ભાર મુક્યો હતો.

તેમણે ટી.બી.મુક્ત ગાંધીનગર અંતર્ગત ખાનગી તબીબોનો સહયોગ મેળવવા તેમજ દરેક દર્દીનું નોટીફીકેશન ફરજીયાત કરવા પર ભાર મુક્યો હતો.

કમિશનરે ટી.બી.ના તમામ દર્દીઓનું ફોલોઅપ થાય તેમજ તમામ દર્દીઓ તેઓની સમયમર્યાદામાં કોર્ષ પૂર્ણ કરે અને ટી.બી. મુક્ત બને તે માટે આયોજન અને મોનીટરીંગ કરવા માટે જણાવ્યુ હતુ.

તેમણે પોષણ કીટ માટે ખાનગી સેવાભાવી સંસ્થાઓ દ્વારા દર્દીઓ દત્તક લેવાની વાતને લઈ સંતોષ વ્યક્ત કરી આ રોગ માટે વધુ જાગૃત્તિ લાવવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં નાયબ મ્યુનિ. કમિશનર જેઠવા, પી.આર.આઈ. મેમ્બર અનિલસિંહ વાઘેલા, એન.જી.ઓ.ના પ્રતિનિધિ, ટી.બી. એસો.ના સભ્ય ડૉ. કે.બી. પટેલ, ડબલ્યુએચઓના પ્રતિનિધિ, જીએનઈઆરએસના ટી.બી. વિભાગના વડા ડૉ. ગુંજન ઉપાધ્યાય તેમજ મનપાના આરોગ્યના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સેકટરોમાં પાણીની લાઈનના આડેધડ ખોદકામથી રહીશો ત્રાહીમામ

### ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ અને પાણી છંટકાવ કરવાની પણ અનિવાર્યતા : વિવિધ ઠેકાણે ખાડા ટેકરાની સ્થિતિથી માર્ગ સલામતી પણ જોખમાઇ છે : કામગીરીનુ યોગ્ય સુપરવિઝન કરવા રજુઆત

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યુ છે. જયારે આડેધડ ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થવા ઉપરાંત પાણી છંટકાવના અભાવે સેકટરોમાં સતત ધુળિયા વાતાવરણથી જન આરોગ્ય પર વિપરિત અસર પડતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. જયારે ખાડા ટેકરાની સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. સેકટરવાસીઓની આ દુવિધાઓ નિવારવા માટે કામગીરીનુ યોગ્ય સુપરવિઝન થાય તેમજ ખોદકામ બાદ માટી પુરાણના અંતે પાણીનો છંટકાવ કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે.



ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા સેકટરવાસીઓ માટે અનેક નાની મોટી સમસ્યા શિરદર્દનુ કારણ બની છે. સેકટરોમાં ઠેર ઠેર આડેધડ ખોદકામ દરમિયાન અનેકવાર યુટીલીટી લાઈન્સ પણ ડિસ્ટર્બ થઈ જાય છે જેના લીધે વિજ લાઈનમાં પણ ખલેલ પહોંચે છે. બીજીતરફ પાણી ગટરની હયાત લાઈનમાં પણ ભંગાણ થવાના પણ અત્યાર સુધી અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. જયારે લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ પણ કરવામાં આવતુ નથી જેના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે ખાડા ટેકરા અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. સેકટરોમાં ખોદકામ બાદ માર્ગ પર અનેક ઠેકાણે માટીના ઢગ જોવા મળે છે. જયારે માટી પુરાણના અંતે પાણીનો છંટકાવ પણ કરવામાં આવતો નથી જેના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં આખો દિવસ ધુળિયુ વાતાવરણ બનતા રહીશોના આરોગ્યને પણ વિપરિત અસર થઈ રહી છે. આ મામલે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે પણ તંત્રના અધિકારી સમક્ષ રજુઆત કરી છે. સેકટરોમાં વિવિધ લાઈનના ખોદકામ બાદ આમ નાગરિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને તકેદારીના જરૂરી પગલા લેવાય તે પણ અનિવાર્ય છે. આ સ્થિતિને અનુલક્ષી શહેર વસાહત મહામંડળ દ્વારા ખોદકામ બાદ યોગ્ય પુરાણ અને માટી ન ઉડે તે માટે જરૂરી પાણીનો છંટકાવ કરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. જયારે સ્થળ પર કામગીરી ચાલતી હોય ત્યારે અધિકારીઓએ જરૂરી સુપરવિઝન કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં હાલ સ્માર્ટ સીટી અન્વયે પાણી અને ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે આ કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે જેથી લાંબા સમયની આ યોજનાના કામ સંદર્ભે સ્થાનિક રહીશોને હાલાકી ન પડે તે માટે જરૂરી આયોજન કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

## સરકારના વિવિધ સંવર્ગોમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓનું સત્વરે આયોજન કરાશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠક સંદર્ભે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, રાજય સરકારના વિવિધ સંવર્ગોમાં બઢતી માટે અધિકારી/કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાઓ ઝડપથી લેવા માટે રાજય સરાકારે આયોજન કર્યું છે. રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓના હિતને ધ્યાને લઈને બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ વહેલી તકે યોજાય તે દિશામાં આયોજન હાથ ધર્યું છે. જે તે સંવર્ગ માટે ખાતાકીય પરીક્ષા છેલ્લે ક્યારે યોજાઈ, પરીક્ષા લેતી સંસ્થાઓની સજ્જતા, પરીક્ષા લેવાની વિવિધ બોર્ડની વાર્ષિક ક્ષમતા વગેરે બાબતો સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ડેટાબેઝ પણ તૈયાર કરવામાં આવશે.

# શિયાળાની વિદાય ટાણે ગરમીનો મિજાજ ઉગ્ર : ઠંડી ઘટી : તાપમાન ૧૪ ડીગ્રીએ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી ઠંડીનો પારો રોજબરોજ ચઢ ઉતર થાય છે. જો કે ધીમે ધીમે ઠંડીનુ જોર ઘટી રહ્યુ છે. જયારે બીજીતરફ ગરમીનો પારો ઉપર ચઢી રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૩. ૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે દિવસનુ તાપમાન ૩૪ ડીગ્રી નજીક પહોંચી જતા નગરજનોએ દિવસે ગરમીનો અહેસાસ કર્યો હતો. વિચિત્ર મોસમની અસરથી જન આરોગ્ય પ્રભાવિત છે. વળતા શિયાળે હવે ઠંડી ઘટી રહી છે. જયારે ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે.

ગાંધીનગરમાં ઠંડી ગરમીનો પારો રોજબરોજ ચઢ ઉતર થાય છે. એક દિવસ ઠંડી અને એક દિવસ ગરમીના અહેસાસ વચ્ચે નગરજનો પણ વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. આ સ્થિતિ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળે છે. શહેરીજનો મોસમની અસરથી વાઈરલ ફીવર અને શરદી ઉધરસ જેવી તકલીફોનો ભોગ બની રહ્યા છે. ગઈકાલે ઠંડીનો મિજાજ થોડો ઉગ્ર જોવા મળ્યો હતો લઘુત્તમ તાપમાન ૧૦. ૫ ડીગ્રીએ આવી જતા નગરજનોએ બર્ફિલી ઠંડક અનુભવી હતી જો કે આજે ફરી એકવાર ઠંડીનુ જોર ઘટી ગયુ છે. લઘુત્તમ તાપમાન ૩ ડીગ્રી ઉંચકાયુ છે.આજે ઠંડીનો પારો ૧૩. ૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જયારે દિવસનુ તાપમાન પણ ૩૩.૬ ડીગ્રીએ આવી જતા દિવસ દરમિયાન નગરજનોએ ગરમી અનુભવી હતી. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ જો કે હવે શિયાળાની વિદાયનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. હવામાન તજજ્ઞોના મતે આમ પણ ફેબ્રુઆરી મહીનાના મધ્યભાગથી



ગરમીનો પારો ઉંચકાશે તા ૧૯ ફેબ્રુઆરીથી વાતાવરણમાં ગરમીનો પારો એકદમ ઉંચકાશે અલબત્ત મહત્તમ તાપમાન પણ ૩૮ ડીગ્રી આસપાસ જવાની સંભાવના પણ છે. શિયાળાની મોસમ પુરી થવામાં છે. ત્યારે નગરજનોએ હવે ધીમે ધીમે આકરી ગરમી સહન કરવાની રહેશે. આ વખતે ગરમી પણ આકરી પડશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. માર્ચ મહીનામાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી જશે. અલબત્ત વળતી ઠંડીએ હવે આકરી ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે. ગરમીનો મિજાજ પણ ધીમે ધીમે ઉગ્ર બની રહ્યો છે. ઉનાળાના આગમનને પગલે ગરીબોના ફ્રીજ સમાન માટલા શહેરમાં ખડકાવા લાગ્યા છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com